# Shree Somnath Sanskrit University
(Estd. by Government of Gujarat)
Rajendra Bhuvan Road, **Veraval - 362 266.** District : Gir -Somnath. (Gujarat)
Ph. : 02876-244532 Fax : 02876-244417, E-mail : sssu.veraval@gmail.com
Website : www.shreesomnathsanskrituniversity.info


Ref No. Date :
સસયુ/પરિપત્ર/ 1557/૨૦૧૬ તા.૩૧/૦૫/૨૦૧૬

પરિપત્ર :–

વિષય :–બિનઅનામત કક્ષાનાં આર્થિક રીતે નબળા ઉમેદવારોને માન.રાજય સરકારશ્રીનાં વટહુકમમાં દર્શાવ્યા મુજબનાં માપદંડ પ્રમાણે સેવાઓમા નિમણૂંક સમયે તથા પ્રવેશ પ્રક્રિયા વખતે ૧૦% અનામત આપવા બાબત.

સંદર્ભ :–(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય ગાંધીનગરનાં ગુજરાત વટહુકમ ક્રમાંક નં.૧ તા.૦૧/૦૫/૨૦૧૬

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ સચિવાલય ગાંધીનગરનાં ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા.૦૬/૦૫/૨૦૧૬.

આથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સંલગ્ન તમામ મહાવિદ્યાલય/કોલેજ/અનુસ્નાતક ભવન/કેન્દ્રોનાં પ્રધાનાચાર્યશ્રીને જણાવવામાં આવે છે કે, સંદર્ભ–૧માં દર્શાવેલ વટહુકમ અનુસાર માન.રાજય સરકારશ્રીએ બિનઅનામત કક્ષાઓના આર્થિક રીતે નબળા વર્ગો તરફથી મળેલી રજૂઆતોને ધ્યાને લઈને તેઓને તેમના આર્થિક દરજજાનાં આધારે ૧૦% અનામત આપવાની જોગવાઈ કરવાનું નિયત કરેલ છે. આ માટે તેઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વ્યકિતઓને લાગુ પડતા માપદંડનાં આધારે જ અનામત આપવામાં આવશે.

ઉપરોકત વટહુકમની વિગતોને રાજય સરકાર હસ્તકની સેવાઓમાં નિમણૂંક આપવા જગ્યાઓ અનામત રાખવા તથા પ્રવેશ પ્રક્રિયાની કાર્યવાહી સમયે પ્રવેશ આપવા ધ્યાનમાં રાખવાની રહેશે. સદરહું બાબતે સંદર્ભ–૨માં દર્શાવેલ માન.રાજય સરકારશ્રીનાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા.૦૬/૦૫/૨૦૧૬થી અમલ માટે નિતી નકકી કરવામાં આવેલી છે તે ધ્યાને લેવાની રહેશે.

(ડો.દશરથ જાદવ)
કા.કુલસચિવ

બિડાણ :–સંદર્ભ પત્ર–૨ની નકલ

નકલ રવાના :–

(૧) માન.કુલપતિશ્રી કાર્યાલય
(૨) માન.કુલસચિવશ્રી કાર્યાલય
(૩) યુનિવર્સિટીનાં તમામ વિભાગો
(૪) સંલગ્ન તમામ મહાવિદ્યાલય/કોલેજ/અનુસ્નાતક ભવન/કેન્દ્રો
(૫) કમ્પ્યુટર વિભાગ વેબસાઈટ પર મુકવા માટે

૨૫૭૬-૯૬૫૬

CHE/ISC-7/ આર્થિક અનામત/ ૨૦૧૬/
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી,
૧૨/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.,ગાંધીનગર
તા. ૨૬/૦૫/૨૦૧૬

પ્રતિ,
—રજીસ્ટ્રારશ્રી,યુનિવર્સિટીઓ,તમામ
—આચાર્યશ્રી,સરકારી તથા અનુદાનિત કોલેજો,તમામ
—અધિકારીશ્રીઓ,તમામ સદર કચેરી
— શાખાઓ તમામ,સદર કચેરી

વિષયઃ— બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને શિક્ષણ વિભાગની સંસ્થાઓમાં ભરતી સમયે તેમજ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ બાબત

સંદર્ભઃ— શિક્ષણ વિભાગ,ગાંધીનગરના તા.૧૦/૫/૧૬ ના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૨૦૧૬/૮૩/ખ.૧

શ્રીમાન,

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને શિક્ષણ વિભાગની સંસ્થાઓમાં ભરતી સમયે તેમજ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે શિક્ષણ વિભાગ ધ્વારા સંદર્ભદર્શીત પરિપત્ર થી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સૂચનાઓ તથા સામન્ય વહીવટ વિભાગની સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરવા તથા જયાં જયાં ભરતી સમયે માંગણાપત્રકમાં,રોસ્ટરમાં,જાહેરાતમાં વિગેરેમાં ફેરફાર કરવાના હોય તે આનુષાંગિક ફેરફાર સત્વરે અમલમાં લાવવા જણાવેલ છે.

શિક્ષણ વિભાગના તા.૧૦/૫/૧૬ ના સંદર્ભદર્શીત પરિપત્ર સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬/૫/૧૬ ના ઠરાવ ક્રમાંકઃસશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ અને સામન્ય વહીવટ વિભાગ ના તા.૭/૫/૧૬ ના પરિપત્ર ક્રમાંકપવસ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ/૪ તથા સામન્ય વહીવટ વિભાગ ના તા.૭/૫/૧૬ ના પરિપત્ર ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૬/૨૭૫૦૨૪/ગ/૨ સહિત આ સાથે સામેલ રાખી આપશ્રીને મોકલી આપવામાં આવે છે. જેની તમામ સુચનાઓનું અક્ષરશઃ પાલન કરવા જણાવવામાં આવે છે.

(લલિત ટી.વ્યાસ)
નાયબ નિયામક
ગુ.રા.,ગાંધીનગર

બિડાણઃ— ઉપર મુજબ

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને શિક્ષણ વિભાગની સંસ્થાઓમાં ભરતી સમયે તેમજ ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પરચ-૨૦૧૬-૮૩-ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૧૦.૫.૨૦૧૬

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૬.૫.૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૨૨૦૧૬-૨૭૧૪૩૬-અ.

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૭.૫.૨૦૧૬ નો પરિપત્ર ક્રઃ પવસ-૧૦૨૦૧૬-૨૮૨૪૪૭-ગ-૪

૩. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૭.૫.૨૦૧૬ નો પરિપત્ર ક્રઃ પરચ-૧૦૨૦૧૬-૨૭૫૦૨૪-ગ-૨.

પરિપત્રઃ-

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૧.૫.૨૦૧૬ ના વટહુકમથી બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને દસ ટકા અનામત આપવાનું રાજય સરકારે નકકી કરેલ છે. રાજય સરકાર હેઠળની સેવાઓમાં નિમણૂક માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ભરતીમાં અનામત માટે સામાન્ય વહીવટ વિભાગની વખતોવખતની સૂચનાઓ ધ્યાને લઇ સુધારાઓ કરવામાં આવેલ છે અને ભરતીમાં અનામતનો લાભ આપવામાં આવે છે તે રીતે આ વિભાગ હેઠળની રાજયની શાળા – મહાશાળાઓ અને વિશ્વ વિધાલયો, સરકાર પાસેથી સહાયક ગ્રાન્ટ, લોન, આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓમાં બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને ભરતીમાં દસ ટકા અનામત આપવાનું ઉકત વંચાણે લીધેલ ઠરાવોમાં રાજય સરકારે નકકી કરેલ છે.

ઉચ્ચ અને ટેકનીકલ સંસ્થાઓ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને પ્રવેશ (Admission) માટે ની અનામતની જોગવાઇઓ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગ અને શિક્ષણ વિભાગે વખતોવખત બહાર પાડેલ છે. રાજયની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સાથે સંકળાયેલ કોલેજો, યુનિવર્સિટીઓ તથા સંશોધન સંસ્થાઓ કે જે સરકાર પાસેથી સહાયક ગ્રાન્ટ, લોન, આર્થિક સહાય મેળવતી હોય તે તમામ સંસ્થાઓમાં બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને પ્રવેશ (Admission) માં દસ ટકા અનામત આપવાનું ઉકત વંચાણે લીધેલ ઠરાવ/ પરિપત્રમાં રાજય સરકારે નકકી કરેલ છે. (નકલો સામેલ છે.)

આમ, આ વિભાગ હેઠળની સંસ્થાઓમાં **"બિન અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને ભરતી તથા પ્રવેશ સમયે દસ ટકા અનામત"** આપવાની બાબતે ઉપર વંચાણે લીધેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સૂચનાઓ તથા સામાન્ય વહીવટ વિભાગની સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરવા અને જયાં જયાં ભરતી સમયે માંગણાપત્રકમાં, રોસ્ટરમાં, જાહેરાતમાં વિગેરેમાં ફેરફાર કરવાના હોય તે આનુષાંગિક ફેરફાર સત્વરે અમલમાં લાવવાનો રહેશે.

આગામી શૈક્ષણિક સત્રથી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ સહિતની રાજયમાં આવેલ કોલેજો, યુનિવર્સિટીઓ તથા રાજય સરકાર પાસેથી લોન, અનુદાન, આર્થિક સહાય વિગેરે મેળવતી સંસ્થાઓમાં પ્રવેશ (Admission) સમયે ૧૦ ટકા અનામત અંગેની ઉપરોકત સૂચનાઓનું પાલન કરવા જયાં કોઇ સુધારા કરવાના થતા હોય તે તાત્કાલિક અસરથી અમલમાં લાવવા (સ્ટેચ્યુટસ, ઓર્ડીનન્સ, રુલ્સ, રેગ્યુલેસન્સ વિગેરેમાં ) આથી સુધારા કરવા સૂચનાઓ આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિકુંજ જાની )
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે મંત્રીશ્રી / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ.
- સચિવશ્રી, તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ. ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મ.ભો.યોજના, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ, ગાંધીનગર.
- સચિવશ્રી,રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર.
- નિયામકશ્રી, એન.સી.સી., અમદાવાદ.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, શિક્ષણ વિભાગ નીચેની તમામ યુનિવર્સિટી
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ – રાજકોટ.
- નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ – ગાંધીનગર.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- સીલેકટ ફાઇલ.

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Unreserved Economically Weaker Sections) માટે ઉચ્ચ અભ્યાસક્રમો તેમજ રાજ્ય સરકાર હેઠળની નિમણૂંકો માટે ૧૦ % જગાઓ અનામત રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૬/૦૫/૨૦૧૬

વંચાણમાં લીધા :-

(૧) ગુજરાત રાજપત્ર અસાધારણ તા.૧/૫/૨૦૧૬માં પ્રસિધ્ધ થયેલ ગુજરાત વટહુકમ ક્રમાંક: ૧/૨૦૧૬

(૨) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૩૦/૬/૧૯૯૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૯૩/૧૦૩૯/અ

(૩) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૧/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૧૯૪/ખા.૧૦૯/અ

(૪) ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના તા.૬/૨/૧૯૯૬ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૪૯૪/૯૫૯/અ

(૫) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૯/૧૨/૨૦૦૮ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૬) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૭) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૧૦૯/૧૬૬૩/અ

(૮) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૧/૦૩/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૩/૩૯૯૮૯૮/અ

(૯) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૧૦) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૩/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૧૧) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫/૬/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

(૧૨) ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ

<u>પ્રસ્તાવના</u>

રાજ્ય સરકાર હેઠળની નોકરીઓમાં નિમણૂંક અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશના તબક્કે અનુસૂચિત જાતિ માટે ૭%, અનુસૂચિત જનજાતિ માટે ૧૫% અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ૨૭% અનામત રાખવાની જોગવાઇ છે.

બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Unreserved Economically Weaker Sections) આર્થિક રીતે સધ્ધર અને સંપન્ન હોય તેવા લોકો ઉચ્ચ સ્તરીય વર્ગો સાથે સ્પર્ધામાં ટકી શકતા નથી અને પરિણામે તેઓને રાજ્ય સરકાર હેઠળની નોકરીઓમાં અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પૂરતું પ્રતિનિધિત્વ મળતું નથી અને તેઓના પક્ષે ગેરલાભ થાય છે તેવી વિવિધ રજૂઆતો સરકારશ્રીને મળેલ હતી, જે અન્વયે વંચાણે લીધેલા ક્રમાંક (૧) હેઠળના તા.૧/૫/૨૦૧૬નાં વટહુકમથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને સરકારી નોકરીઓમાં નિમણૂંકના તબક્કે અને ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશના તબક્કે ૧૦% અનામત આપવા નિર્ણય થયેલ છે. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો નક્કી કરવા માટે રાજ્ય સરકારે તા.૧/૫/૨૦૧૬ના વટ હુકમ ક્રમાંક: ૧/૨૦૧૬ની કલમ-૬માં જણાવેલ છે કે રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને જે માપદંડો લાગુ પડે છે તે જ માપદંડો આ હેતુ માટે નિર્ધારિત કરવાના રહે છે. આ વટહુકમની જોગવાઇઓના અમલ કરવામાં કોઇ મુશ્કેલીઓ ઉભી થાય તો તેવી મુશ્કેલીઓ દૂર કરવા માટે આ વટહુકમની જોગવાઇઓને અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. ઉપરોક્ત વિગતે આ નીતિના તાત્કાલિક અમલમાં મુશ્કેલીઓ ઉભી ન થાય તે માટે રાજ્ય સરકાર કાળજી પૂર્વકની વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવ/નીતિ નક્કી કરે છે.

## :: ઠરાવ::

૧. અનામતના આ હેતુ માટે અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો સિવાયના આ સાથેની અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વર્ગો / વ્યક્તિઓ સિવાયના વર્ગો/વ્યક્તિઓને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Unreserved Economically Weaker Sections) ગણવાના રહેશે.

૨ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Unreserved Economically Weaker Sections) માટેના પ્રમાણપત્રનો નમૂનો આ ઠરાવ સાથેના પરિશિષ્ટ-અ મુજબનો રહેશે તથા તે માટેના અરજી પત્રકનો નમૂનો આ સાથેના પરિશિષ્ટ-બ મુજબનો રહેશે.

3. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો (Unreserved Economically Weaker Sections)ના પ્રમાણપત્રો આપવા માટેના સક્ષમ સત્તાધિકારીઓ, બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો (Non creamy layer) આપવા માટેના વખતોવખતના ઠરાવથી નિર્ધારિત કર્યા અનુસારના અધિકારીઓ રહેશે. આવા પ્રમાણપત્રો આપવા માટે મુખ્યત્વે નીચે મુજબના સક્ષમ સત્તાધિકારીઓ છે.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટ/ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ/ કલેક્ટર / ડેપ્યુટી કમિશ્નર/નાયબ કલેક્ટર/ અધિક ડેપ્યુટી કમિશ્નર/પ્રથમ વર્ગના સ્ટાઇપેન્ડરી મેજીસ્ટ્રેટ/ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ/ તાલુકા મેજીસ્ટ્રેટ/એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ/ વધારાના આસિ. કમિશ્નર (પ્રથમ વર્ગના સ્ટાઇપેન્ડરી મેજીસ્ટ્રેટથી નીચેની કક્ષાના ન હોય તેવા)

૨. ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ/ વધારાના ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ / પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ.

૩. મામલતદાર (તેહસીલદાર) થી નીચેની કક્ષાના ન હોય તેવા મહેસૂલી અધિકારી.

૪. સબડીવીઝનલ ઓફિસર.

૫ તાલુકા વિકાસ અધિકારી

૬ જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) / જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિકસતી જાતિ)

૪. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો માટે પ્રમાણપત્રો આપવાની પદ્ધતિ (Procedure) હાલ ઉન્નત વર્ગમાંથી બાકાત હોવાના પ્રમાણપત્રો માટે અમલમાં છે તે અનુસારની રહેશે.

૫. આ અનામતની જોગવાઇનો લાભ મૂળ ગુજરાતના વતની હોય તેવા બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઇસમોને મળવાપાત્ર રહેશે.

૬. આવા પ્રમાણપત્રો માટેની અવધિ ઉન્નત વર્ગમાંથી બાકાત હોવાના પ્રમાણપત્રોની માફક પ્રમાણપત્રો આપ્યાના નાણાકીય વર્ષ સહિત ૩ વર્ષની રહેશે અને આ સમયગાળા દરમ્યાન કોઇપણ માપદંડમાં ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સક્ષમ સત્તાધિકારી સમક્ષ કરવાની જવાબદારી વંચાણ લીધેલા ક્રમાંક (૧૨) ઉપરના તા.૨૬/૪/૨૦૧૬ના ઠરાવ અનુસાર વાલી/વિદ્યાર્થી/ અરજદાર/ ઉમેદવારની વ્યક્તિગત અને સંયુક્ત એમ બંન્ને રીતે રહેશે.

૭. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના પ્રમાણપત્ર આપવા માટે સક્ષમ સત્તાધિકારી ઇન્કાર કરે ત્યારે અથવા આવું પ્રમાણપત્ર ખોટું અપાયું હોવાનું જણાય ત્યારે અપીલની જોગવાઇ વંચાણે લીધેલા ક્રમાંક (૯) હેઠળના તા.૨/૬/૨૦૧૪ના ઠરાવ અનુસારની નીચે મુજબની રહેશે.

(૧) મામલતદારશ્રીએ નિર્ણય કરેલ હોય તો પ્રાંત અધિકારીશ્રી/નાયબ કલેક્ટરશ્રી/મદદનીશ કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૨) પ્રાંત અધિકારીશ્રી/નાયબ કલેક્ટરશ્રી /મદદનીશ કલેક્ટરશ્રીએ નિર્ણય કર્યો હોય તો જિલ્લા કલેક્ટરશ્રીને અપીલ કરી શકાશે.

(૩) જિલ્લા કલેક્ટરશ્રીએ નિર્ણય કરેલ હોય ત્યારે રાજ્યકક્ષાની વિશ્લેષણ સમિતિ સમક્ષ આખરી અપીલ કરી શકાશે.

૮. બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના આપવામાં આવેલા પ્રમાણપત્રોની ખરાઇ વંચાણ લીધેલા ક્રમાંક (૧૦) ઉપરના તા.૨૬/૩/૨૦૧૫ના અદ્યતન ઠરાવથી રચાયેલી રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિ હસ્તક રહેશે. શૈક્ષણિક પ્રવેશ અને નિમણૂંકના તબક્કે જ આવા પ્રમાણપત્રોની ખરાઇ કરાવી લેવાની જવાબદારી સબંધિત શૈક્ષણિક પ્રવેશ/ભરતી સમિતિ/આયોગ/ભરતી કરનાર એજન્સીની અથવા નિમણૂંક આપનાર સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૯. આવા પ્રમાણપત્રોની ચકાસણી માટેની પદ્ધતિ હાલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો ચકાસણી માટે જે પદ્ધતિ છે, તે પ્રમાણેની જ રહેશે.

૧૦. આવા પ્રમાણપત્રો આપવા અંગે સ્થાનિક કક્ષાએ ઉભી થતી મુશ્કેલીઓના નિવારણ માટેની કાર્યવાહી વંચાણે લીધેલા ક્રમાંક (૭) હેઠળના તા.૨૭/૪/૨૦૧૦ના ઠરાવથી નક્કી થયેલ સબંધિત કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રચાયેલી કમિટિએ કરવાની રહેશે.

૧૧. આ અંગેના રેકર્ડ જાળવણીની જવાબદારી સબંધિત સક્ષમ સત્તાધિકારીની રહેશે.

૧૨. ભારત સરકારના અનામતના હેતુ માટે આ ઠરાવ તથા નીતિ લાગુ પાડવાની રહેશે નહિં.

૧૩. રાજ્ય સરકાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સંદર્ભના અમલમાં બિન ઉન્નત વર્ગના પ્રમાણપત્રો આપવા અંગેની નીતિમાં જ્યારે જ્યારે અને જેટલો ફેરફાર કરે તે તમામ ફેરફાર આપોઆપ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના પ્રમાણપત્રોની બાબતમાં પણ લાગુ પડશે.

આ ઠરાવ/હુકમો સામાન્ય વહીવટ વિભાગની તા.૦૩/૦૫/૨૦૧૬ ની નોંધ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.*
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.અધિ.)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (વિકસતી જાતી)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર

- તમામ મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર- જાણ તેમજ આ માટે અધિકૃત કરાયેલ તમામ અધિકારીઓને પરીપત્રિત કરવાની વિનંતી સહ.
- માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. આ અંગેની જરૂરી અખબારી યાદી પ્રસિધ્ધ કરવાની વિનંતી સહ.
- સચિવશ્રી, અન્ય પછાત વર્ગો માટેનું પંચ, બંગલા નં.૧૩, ૧૩/એ 'ખ' ટાઇપ, સેકટર-૧૯, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.*
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.*
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.*
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (વિ.જા.ક. મારફત)
- કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. શાખાના ઠરાવો સાથે ઓનલાઇન પ્રસિધ્ધ કરવાના હેતુસર.
- National Informatics Centre, બ્લોક નં.૧૩/૨ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.*
- શાખા સિલેક્ટ ફાઇલ

--------

૧૪૦૭૧-૧૪૫૦

**ઇ-જ્ઞાન દ્વારા** પત્ર દ્વારા.

ક્રમાંક : કવટ/આઇએસસી-૭/૨૦૧૬/
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
તા.૦૯.૦૫.૨૦૧૬

પ્રતિ
રજિસ્ટ્રારશ્રી, (તમામ યુનિ.)
આચાર્યશ્રી, (તમામ સરકારી, અનુદાનિત તથા ખાનગી કોલેજો)

ઉકત ઠરાવની જાણ તેમજ જરુરી અમલ સારુ રવાના.

સંયુકત કમિશ્નર
ગુ.રા.,ગાંધીનગર

# અનુસૂચિ.

| ક્રમ | કક્ષાનું વર્ણન | બાકાત રાખવાનો નિયમ કોને લાગુ પડશે. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | બંધારણીય હોદ્દા | નીચે જણાવેલ વ્યક્તિઓના પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ<br>(ક) ભારતના રાષ્ટ્રપતિ,<br>(ખ) ભારતના ઉપરાષ્ટ્રપતિ,<br>(ગ) સર્વોચ્ચ અદાલત અને ઉચ્ચ અદાલતોના ન્યાયધીશો.<br>(ઘ) સંઘ લોક સેવા આયોગ અને રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોઃ-<br>મુખ્ય ચૂંટણી આયુક્ત, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ.<br>(ચ) સમાન પ્રકારના સંવૈધાનિક દરજ્જો ધરાવતી વ્યક્તિઓ. |
| ૨. | સેવા કક્ષા | નીચે જણાવેલ વ્યક્તિઓનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓઃ- |
| (ક) | અખિલ ભારતીય કેન્દ્રીય અને રાજય સેવાઓના જૂથ-ક/ વર્ગ-૧ ના અધિકારીઓ (સીધી ભરતીથી નિમાયેલા) | (ક) માતા-પિતા બન્ને વર્ગ-૧ના અધિકારીઓ હોય,<br>(ખ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય,<br>(ગ) માતા-પિતા બન્ને વર્ગ-૧ના અધિકારી હોય, પરંતુ બે માંથી એકનું મૃત્યુ થયું હોય અથવા કાયમી અશકતતાથી પીડાતા હોય<br>(ઘ) માતા-પિતા બેમાંથી એક વર્ગ-૧ના અધિકારી હોય અને એમનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય તથા એમના મૃત્યુ કે આવી અશક્તતા પહેલાં તેમને પાંચ વર્ષથી ઓછા નહિ એટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર, આંતર રાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેન્ક વગેરે જેવા કોઇપણ આંતર રાષ્ટ્રીય સંગઠનમાં નોકરીનો લાભ મળ્યો હોય.<br>(ચ) માતા-પિતા બન્ને વર્ગ-૧નાં અધિકારી હોય, તેઓ મૃત્યુ પામ્યા હોય અથવા કાયમી અશક્તતાથી પીડાતા હોય. અને બન્નેના મૃત્યુ કે કાયમી અશક્તતા પહેલાં બેમાંના એકને પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર, આંતરારષ્ટ્રીય નાણાં નીધિ, વિશ્વબેન્ક વગેરે જેવા કોઇપણ આંતરાષ્ટ્રીય સંગઠનમાં નોકરીનો લાભ મળ્યો હોય, પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિં.<br>(ક) માતા-પિતા બન્નેમાંથી એક અથવા બન્ને વર્ગ-૧ના અધિકારી હોય અને આવા માતા કે પિતાનું અથવા બન્નેનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય તેમના પુત્રો અને પુત્રીઓ.<br>(ખ) બિન અનામત કક્ષાના આર્થિક નબળા વર્ગની કક્ષામાં |

આવતી હોય તેવી મહિલા, જેણે વર્ગ-૧ના અધિકારી સાથે લગ્ન કર્યા હોય અને જે પોતે નોકરી માટે અરજી કરવા ઇચ્છતી હોય.

(ખ) કેન્દ્રીય અને રાજય સેવાઓના જૂથ-ખ, વર્ગ-૨ના અધિકારીઓ (સીધી ભરતીથી નિમાયેલા)

નીચે જણાવેલ વ્યક્તિઓનાં પુત્ર/પુત્રો અને પુત્ર/પુત્રીઓ

(ક) માતા-પિતા બન્ને વર્ગ-૨ના અધિકારી હોય,

(ખ) માતા-પિતા બન્નેમાંથી ફક્ત પિતા વર્ગ-૨ના અધિકારી હોય, અને તેણે ૪૦ માં વર્ષે કે તે પહેલાં વર્ગ-૧માં બઢતી મેળવી હોય.

(ગ) માતા-પિતા બન્ને વર્ગ-૨ના અધિકારી હોય, અને તેમાંના એકનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય અને બન્નેમાંના એકને એમના મૃત્યુ કે કાયમી અશક્તતા પહેલાં, પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેન્ક વગેરે જેવા કોઇપણ આંતરરાષ્ટ્રીય સંગઠનમાં નોકરીનો લાભ મળ્યો હોય.

(ઘ) માતા-પિતા બન્નેમાંથી પિતા વર્ગ-૧ના અધિકારી (સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં બઢતીથી) હોય અને માતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેમનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતી હોય, અને

(ચ) માતા-પિતા બન્નેમાંથી માતા વર્ગ-૧ના અધિકારી (સીધી ભરતીથી કે ૪૦ વર્ષ થતાં પહેલાં બઢતીથી) હોય અને પિતા વર્ગ-૨ના અધિકારી હોય અને તેઓ મૃત્યુ પામ્યા હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય, પરંતુ નીચેના કેસોમાં બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિ.

નીચે જણાવેલ વ્યક્તિનાં પુત્રો અને પુત્રીઓઃ-

(ક) માતા-પિતા બન્ને વર્ગ-૨ના અધિકારી હોય અને તેમનામાંથી એકનું મૃત્યુ થયું હોય અથવા તે કાયમી અશક્તતાથી પીડાતા હોય,

(ખ) માતા-પિતા બન્ને વર્ગ-૨ નાં અધિકારી હોય અને બન્ને મૃત્યું પામ્યા હોય અથવા કાયમી અશક્તતાથી પીડાતા હોય, પરંતુ બેમાંથી એકને તેમના મૃત્યુ કે કાયમી અશક્તતા પહેલાં પાંચ વર્ષથી ઓછા નહિ તેટલા સમયગાળા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ, આંતર રાષ્ટ્રીય નાણાં નિધિ, વિશ્વબેંક વગેરે જેવાં કોઇપણ આંતરરાષ્ટ્રીય સંગઠનમાં નોકરીનો લાભ મળ્યો હોય.

| | |
|---|---|
| (ગ) જાહેર ક્ષેત્રના ઉપક્રમો વગેરેના કર્મચારી. | ઉપર કક્ષા- "ક" અને "ખ" માં જણાવેલ માપદંડો, જાહેરક્ષેત્રના ઉપક્રમો, બેન્કો, વીમા સંગઠનો, યુનિવર્સિટીઓ વગેરેમાં સમાન કે સમકક્ષ જગ્યા ધરાવતા અધિકારીઓને તેમજ ખાનગી રોજગાર ક્ષેત્ર હેઠળ સમાન કે સમકક્ષ જગ્યા અને દરજ્જો ધરાવતા અધિકારીઓને ઉચિત ફેરફાર સાથે લાગુ પડશે. આ સંસ્થાઓમાંની જગ્યાઓનું મુલ્યાંકન, સમાન કે સમકક્ષ દરજ્જાના ધોરણે કરવામાં આવે ત્યાં સુધી, આ સંસ્થાઓના અધિકારીઓને, નીચે કક્ષા-ડમાં નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે. |
| ૩. અર્ધલશ્કરી દળો સહિત સશસ્ત્રદળો (મુલ્કી હોદ્દો ધરાવતી વ્યક્તિઓનાં સમાવેશ કરવામાં આવ્યો નથી.) | માતા-પિતા બન્નેમાંથી એક અથવા બંન્ને સ્થળ સેનામાં કર્નલના કે તેથી ઉંચા દરજ્જા પર હોય અથવા નૌકાસેના, વાયુસેના, અને અર્ધલશ્કરી દળોમાં સમાન હોદ્દા પર હોય તેમનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓ<br>પરંતુ શરત એ રહેશે કેઃ-<br>(૧) સશસ્ત્ર દળના અધિકારીની પત્ની પોતે સશસ્ત્ર દળમાં હોય એટલે કે વિચારણા હેઠળની કક્ષામાં આવતી હોય તો જયારે તે પોતે કર્નલના દરજ્જાએ પહોંચે ત્યારે જ બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે.<br>(૨) સેનામાં પતિ અને પત્નીના કર્નલથી નીચેના દરજ્જાને એકત્ર કરીને લક્ષમાં લેવામાં આવશે નહિ.<br>(૩) સશસ્ત્રદળના અધિકારીની પત્ની મુલ્કી સેવામાં હોય તો તે બાબત, બાકાત રાખવાનો નિયમ લાગુ પાડવા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિ. સિવાય કે તે બાબત નં.૨ હેઠળની સેવા કક્ષામાં આવતી હોય, આવા પ્રસંગે ઉક્ત બાબતમાં દર્શાવેલ માપદંડ અને શરતો તેને સ્વતંત્ર રીતે લાગુ પડશે. |
| ૪. વ્યવસાયિક વર્ગ તથા વેપાર અને ઉદ્યોગમાં રોકાયેલી વ્યક્તિઓ | કક્ષા-ડ સામે નિર્દિષ્ટ કરેલ માંપદંડ લાગુ પડશે. |
| (૧) દાક્તર, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આવકવેરા સલાહકાર, નાણાં સલાહકાર, અથવા સંચાલન સલાહકાર (Management Consuluant) દાંતના સર્જન, ઇજનેર, સ્થપતિ, કોમ્પ્યુટર નિષ્ણાત, ફિલ્મ કલાકારો, અને ફિલ્મક્ષેત્રના | |

- અન્ય વ્યવસાયી વ્યક્તિઓ, લેખકો, નાટયકારો, રમતવીરો, વ્યવસાયી રમતવીરો, પ્રસાર માધ્યમક્ષેત્રે વ્યવસાયી વ્યકિતઓ અથવા તેના જેવા દરજ્જાના અન્ય કોઇ વ્યવસાયોમાં રોકાયેલ વ્યકતિઓ

(૨) વેપાર, ધંધા અને ઉદ્યોગમાં રોકાયેલ વ્યક્તિઓ.

કક્ષા-ક સામે નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે.

સ્પષ્ટીકરણઃ-

(૧) પતિ કોઇ વ્યવસાય કરતા હોય અને પત્ની વર્ગ-૨ અથવા તેથી નીચેના દરજ્જાની નોકરી કરતી હોય, ત્યારે આવક/સંપતિનો માપદંડ ફક્ત પતિની આવકના આધારે જ લાગુ પડશે.

(૨) પત્ની કોઇ વ્યવસાય કરતી હોય અને પતિ, વર્ગ-૨ કે તેથી નીચેના હોદ્દા પર નોકરી કરતા હોય ત્યારે આવક/સંપતિનો માપદંડ, ફક્ત પત્નીની આવકના આધારે જ લાગુ પડશે, પતિની આવક તેમાં ભેગી ગણવામાં આવશે નહિ.

૫. મિલકત માલિકો

નીચેના માલિક હોય તેવા કુટુંબ (પિતા-માતા અને સગીર બાળકો)ના સભ્યોનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓઃ-

(ક) કૃષિ જમીન ખાતું

(ક) વૈધાનિક ટોચમર્યાદા વિસ્તારના ૮૫ ટકા જેટલી કે તેથી વધારે સિંચિત જમીન, અથવા

(ખ) નીચે પ્રમાણે સિંચિત અને બિનસિંચિત એમ બન્ને પ્રકારની જમીનઃ-

(૧) એવી પૂર્વશત હોય કે (સામાન્ય વર્ગીકરણ હેઠળ એક જ પ્રકાર નીચે મૂકવામાં આવેલ હોવાથી) સિંચિત વિસ્તાર, સિંચિત જમીન માટેની વૈધાનિક ટોચ મર્યાદાના ૪૦ ટકા કે તેથી વધારે હોવી જોઇએ. (આની ગણતરી બિનસિંચિત ભાગને બાકાત રાખીને કરવાની છે), ત્યારે બાકાત રાખવાના નિયમ લાગુ પડશે. આ પ્રમાણે ઓછામાં ઓછા ૪૦ ટકા વિસ્તાર હોવો જોઇએ તેવી પૂર્વશરત પ્રવર્તતી હોય, તો જ બિન-સિંચિત જમીનનો વિસ્તાર ગણતરીમાં લેવામાં આવશે.

આ ગણતરી પ્રવર્તમાન રૂપાંતર ફોર્મ્યુલાના આધારે બિનસિંચિત જમીનનું સિંચિત જમીનમાં રૂપાતંર કરીને કરવામાં આવશે. બિનસિંચિત જમીન પરથી આવી રીતે ગણી કાઢેલ સિંચિત વિસ્તાર, સિંચિત જમીનના આધારે ખરેખર વિસ્તારમાં ઉમેરવાનો રહેશે. અને જો આવી

| | |
|---|---|
| | રીતે બન્ને વિસ્તાર ભેગા કર્યા પછી સિંચિત જમીનના રૂપે કુલ વિસ્તાર સિંચિત જમીન માટેની વૈધાનિક ટોચમર્યાદાના ૮૫ ટકા કે તેથી વધુ હોય, તો બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે અને બિન હકદારી ગણાશે.<br>(૨) કુટુંબનું જમીન ખાતું સંપૂર્ણપણે બિનસિંચિત હોય, તો બાકાત રાખવાનો નિયમ લાગુ પડશે નહિ. |
| (ખ) બગીચા-વાડી (Plantation) | |
| (૧)કોફી, ચા, રબર વગેરે | નીચે કક્ષા-૬માં નિર્દિષ્ટ કરેલ, આવક/સંપતિનો માપદંડ લાગુ પડશે. |
| (૨) કેરી, સંતરા, સફરજન વગેરેના બગીચા. | કૃષિ જમીન ખાતા તરીકે ગણવામાં આવ્યા છે અને તેથી આ કક્ષા હેઠળના ઉપર્યુક્ત (ક)માં દર્શાવેલ માપદંડ લાગુ પડશે. |
| (ગ) શહેરી વિસ્તારો કે શહેરી સમુચ્ચયોમાં ખાલી જમીન અને/અથવા મકાનો. | નીચે કક્ષા-૬માં નિર્દિષ્ટ કરેલ માપદંડ લાગુ પડશે.<br>સ્પષ્ટીકરણઃ-<br>મકાનનો ઉપયોગ, રહેણાંક માટે, ઔધોગિક કે વાણિજ્ય હેતુ માટે અને આવા પ્રકારના બે કે તેથી વધુ હેતુઓ માટે કરી શકાશે. |
| ૬. આવક/સંપતિનો માપદંડ | નીચે જણાવેલ વ્યક્તિઓનાં પુત્ર/પુત્રો અને પુત્રી/પુત્રીઓઃ-<br>(ક) સળંગ ત્રણ વર્ષથી રૂ.૬.૦૦ લાખ કે તેથી વધુ કુલ વાર્ષિક આવક ધરાવતી હોય તેવી વ્યક્તિ અથવા સંપતિવેરા અધિનિયમમાં નિયત કર્યા પ્રમાણેની મુક્તિ મર્યાદાથી વધુ સંપતિ ધરાવતી હોય તેવી વ્યક્તિ.<br>(ખ) જેઓ અનામતના લાભ માટે બિન-હકદાર ન હોય, પરંતુ સંપત્તિના અન્ય સ્ત્રોતોમાંથી જેમની આવક, ઉપર (ક)માં દર્શાવેલ આવક/સંપત્તિના માપદંડની અંદર આવે તેટલી થતી હોય તેવી કક્ષા-૧, ૨, ૩ અને ૫-ક માંની વ્યક્તિઓ.<br>સ્પષ્ટીકરણઃ-<br>(૧) પગારની આવક અને કૃષિ જમીનમાંથી થતી આવકને ભેગી કરીને ગણવામાં આવશે નહિ.<br>(૨) રૂપિયાના મૂલ્યમાં થતા ફેરફારને ધ્યાનમાં લઇને રૂપિયાના સંદર્ભમાં આવકનો માપદંડ, દર ત્રણ વર્ષે સુધારવામાં આવશે. આમ છતાં, પરિસ્થિતિ એવી હશે તો વચ્ચેનો સમયગાળો ઓછો કરી શકાશે. |

સ્પષ્ટીકરણઃ-

આ અનુસુચિમાં "કાયમી અશક્તતા" શબ્દપ્રયોગ આવે ત્યારે તેનો અર્થ "જેના પરિણામે અધિકારીને નોકરીમાંથી દૂર કરવામાં આવે તેવી અશક્તતા" એ પ્રમાણે થશે.

પ્રમાણપત્ર ક્રમાંકઃ-.................

સત્યમેવ જયતે

ગુજરાત રાજ્ય

પરિશિષ્ટ-અ

ફોટો

## ગુજરાત સરકાર હેઠળની નોકરીઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને અનામતનો લાભ લેવા માટેનું પ્રમાણપત્ર

(ફક્ત ગુજરાત સરકાર હેઠળના લાભો માટે)

---

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી/ શ્રીમતી/કુમારી .......................................શ્રી ............................................................ ના પુત્ર/પુત્રી છે. તેઓ ગામ/નગર ........................ તાલુકો ......................... જિલ્લો.........................ના રહેવાસી છે. તેઓને ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૫/૨૦૧૬. ના ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ થી બહાર પાડવામાં આવેલ ઠરાવ અને આ અંગે નિર્ધારિત નીતિ માટેના વખતો વખતના ઠરાવો મુજબ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છે.

આ પ્રમાણપત્ર ચાલુ નાણાકીય વર્ષ સહિત ત્રણ વર્ષ સુધી માન્ય રહેશે.

સ્થળ :- સહી/-

નામ :-

તારીખઃ- હોદ્દોઃ-

(કચેરીનું રાઉન્ડ સીલ) (કચેરીના સિક્કા સહિત)

રજુ કરેલ આધારોઃ-
૧.
૨.
૩.

## પરિશિષ્ટ-બ

**ગુજરાત રાજય સરકારની સેવાઓમાં / નોકરીઓમાં તથા શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ (Unreserved Economically Weaker Sections) અનામત નો લાભ મેળવવા સારૂ આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે સા.ન્યા.અ.વિભાગના તા.૬/૫/૨૦૧૬ ના ઠરાવક્રમાંકઃ સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ થી નક્કી થયા મુજબનો અરજીનો નમૂનો**

(આ ફોર્મ નમુના તરીકે ગણવું અને જરૂરી જણાય તો અરજદારની તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ વધારાની માહિતી પણ ફોર્મમાં સામેલ કરી શકાશે)

ફોટો

પ્રતિ,
મામલતદારશ્રી
.............................
..............................તાલુકો
જિલ્લો...............................

શ્રીમાન,

ગુજરાત રાજય સરકારની નોકરીઓમાં, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ વખતે આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર તરીકે અનામતનો લાભ મેળવવાના હેતુ માટે મને આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

મારી /મારા પિતાની/કુટુંબની જરૂરી વિગતો નીચે પ્રમાણે છે.

૧. અરજદારનુ પુરૂ નામઃ
૨. રહેઠાણનુ પુરૂ સરનામુઃ
   (ક) વર્તમાનઃ
   (ખ) કાયમીઃ
   (ગ) ફોન નં. / મોબાઇલ નં
૩. જન્મ તારીખઃ...................................., જન્મસ્થળઃ...............................
૪. ધર્મ/ જાતિ/ પેટાજાતિઃ
૫. વ્યવસાય –જૂથઃ
૬. પિતાનુ પૂરૂ નામઃ
૭. પિતાનું મૂળ વતનઃ
૮. માતાનુ પૂરૂ નામઃ
૯. પતિનુ પૂરૂ નામઃ
૧૦. માતા/પિતા દરજ્જો. (Status of Parent (s))
૧૧. જીવનસાથીનો દરજ્જો. (Status of Spouse)

**A.** પિતા/માતાના બંધારણીય હોદ્દાઓ. **( Constitutional Posts)**

(૧) હોદો-
(૨) હોદો ધારણ કર્યા તારીખઃ
(૩) હોદો છોડ્યા તારીખ

B (૧) <u>પિતા/માતાની સરકારી નોકરી</u> **( Government Services)**

(૧) જન્મ તારીખ

(૨) નોકરી/કચેરી
(કેન્દ્ર/રાજય સરકાર)
કચેરીનું સરનામું

(૩) હોદ્દો-

(૪) પગાર ધોરણઃ-
(વર્ગીકરણ સહિત જો હોય તો)

(૫) જે તે જગ્યા ઉપર નિમણુંકની તારીખ

(૬) વર્ગ-૧ ની જગ્યામાં બઢતીની તારીખ અને તે સમયે ઉંમર
(જો લાગુ પડતુ હોય તો.)

(૨) પિતા/માતાની આંતરરાષ્ટ્રીય સંગઠનો જેવા કે **(International Organization e.g.UN,)** સંયુકત રાષ્ટ્રો, **(UNO)** યુનિસેફ **( Unicef)** વિશ્વ આરોગ્ય સંગઠનો **(WHO)** વગેરેમાં નોકરી.

(૧) સંગઠનનુ નામઃ-

(૨) હોદ્દો-

(૩) નોકરીનો સમયગાળો.
(તા...................થી તા...................સુધી)

(૩) પિતા/માતાનું મૃત્યૂ / કાયમી અશકતતા **(Death/ Permanent Incapacitation)**
(લાગુ ન પડતુ હોય તો છેકી નાખો)

(૧) માતા અથવા પિતા બેમાંથી કોનુ મૃત્યુ થયુ છે?
મૃત્યુની તારીખઃ

(૨) અધિકારીને કાયમી અશકતતા ને કારણે નોકરીમાંથી દૂર કરાયા હોય તો તેની તારીખઃ-

(૩) કાયમી અશકતતાની વિગતો

C <u>પિતા/માતાની જાહેર સાહસો/ ખાનગી સાહસ વગેરેમાં નોકરી.</u>
**(Employment in Public Sector Undertakings / Private sector etc.)**

(૧) (૧) જાહેર સાહસ / સંસ્થાનુ નામ તથા સરનામું:

(૨) જે તે જગ્યા ઉપર નિમણૂંકની તારીખ :

(૩) જન્મ તારીખ :

(૪) હોદ્દો :

(૫) પગાર ધોરણ :

(૬) કુલ વાર્ષિક પગાર :

(૭) કુટુંબ ની કુલ વાર્ષિક આવક :

(૨) (૧) ખાનગી સાહસ / સંસ્થાનુ નામ તથા સરનામું :

(૨) જે તે જગ્યા ઉપર નિમણૂંકની તારીખ :

(૩) હોદ્દો: -

(૪) પગાર ધોરણઃ

(૫) કુલ વાર્ષિક પગારઃ

(૬) કુટુંબ ની કુલ વાર્ષિક આવકઃ

**D** <u>પિતા/માતાની અર્ધ લશ્કરી દળો સહિત સશસ્ત્ર દળોમાં નોકરી</u>

**( Armed Forces including Para- military Forces)**

(આમાં મુલ્કી જગ્યાઓ ધરાવતી વ્યકિતનો સમાવેશ થતો નથી.)

(૧) હોદ્દો :-

(૨) પગાર ધોરણ:

(૩) જગ્યા ઉપર નિમણૂંકની તારીખ:

(૪) કુલ વાર્ષિક પગાર:

(૫) કુંટુંબની કુલ વાર્ષિક આવક:

**E** <u>પિતા/માતાનો વ્યવસાયી વર્ગ</u> **(Professional Class)**

(ઉપરોકત (બી) અને (સી) અને(ડી) માં

આવરી લીધેલ હોય તે સિવાય)

અને વેપાર ધંધા અને ઉધોગમાં રોકાયેલી વ્યકિતઓ.

(૧) <u>વેપાર ધંધો</u>/ઉદ્યોગ:

(વિગતો સ્પષ્ટ બતાવવી)

(૨) વ્યવસાય-

(જેવા કે વકીલ, ડૉકટર, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આર્કિટેક, આવકવેરા સલાહકાર, નાંણા સલાહકાર, સંચાલન સલાહકાર, દાંતના સર્જન, ઇજનેર, કોમ્પ્યુટર નિષ્ણાત, ફિલ્મ કલાકારો, ફિલ્મ ક્ષેત્રના અન્ય વ્યવસાયીક વ્યક્તિઓ, લેખકો, નાટયકારો, રમતવીરો, વ્યવસાયી રમતવીરો, પ્રસાર માધ્યમ ક્ષેત્રે વ્યવસાયી વ્યકતિઓ અથવા તેના જેવા દરજ્જાના અન્ય કોઇ વ્યવસાયોમાં રોકાયેલ વ્યકતિઓ )

**F** <u>મિલકત ધારણ કરનાર.</u> **( Property Owners)**

**F 1** ખેતી લાયક જમીન ધારણ કરનાર

(માતા, પિતા અને સગીર બાળકો સહિતની માલિકીની).

(૧) ગામનુ નામ:-

(૨) જમીનનુ ક્ષેત્રફળ (ચો.મી)-

(3) (ક) સિંચિત વિસ્તાર(ચો.મી)

(સિંચિત જમીનનો પ્રકાર)

(i)

(ii)

(iii)

(ખ) બીન સિંચિત વિસ્તાર(ચો.મી)

(બીન સિંચિત જમીનનો પ્રકાર)

(i)

(ii)

(iii)

(૪) રાજયના ખેત જમીન ટોચ મર્યાદા કાયદા હેઠળ વૈધાનિક ટોચમર્યાદા સામે ધારણ કરેલ સિંચિત જમીનના વિસ્તારની ટકાવારી

(૫) જો ધારણ કરેલ જમીન સિંચિત અને બિનસિંચિત એમ બંને પ્રકારની હોય તો રાજય જમીન ટોચમર્યાદા

કાયદા હેઠળ નિયત કરેલી રૂપાંતરણ પધ્ધતિના
આધારે ધારણ કરેલ કુલ સિંચીત જમીન.

(૬) કોલમ-૪ માં દર્શાવેલ વૈધાનિક ટોચ મર્યાદાના
સંદર્ભમાં ધારણ કરેલ કુલ સિંચિત જમીનની ટકાવારી
(કોલમ -૫ લક્ષમાં લીધા સહિત)

[ કોલમ (૪), (૫), (૬) મામલતદારથી નીચેની કક્ષાના નહિ તેવા મેહસૂલી અધિકારી ધ્વારા પ્રમાણિત કરવાની રહેશે]

**F 2** વૃક્ષ બગીચા **( Plantation)**

(૧) (i) કોફી-ચા-રબર વગેરે:-
(ii) સ્થળ:
(iii) વાવેતરનો વિસ્તાર:

(૨) (i) ફળોના બગીચા:-
(ii) સ્થળ:-
(iii) વાવેતરનો વિસ્તાર

**F 3** શહેરી વિસ્તાર અને શહેરી સમુચ્ચયમાંના ખાલી જમીન અને અથવા મકાનો
**( Vacant land and/or buildings in urban areas or urban agglomeration.)**

(૧) મિલ્કત નુ સ્થળ:
(૨) મિલ્કત ની વિગતો/વર્ણન:
(૩) કયા ઉપયોગમા લેવામા આવે છે તે.:

**G** આવક/ સંપતિ **(Income/ Wealth)**

(૧) કુટુંબની તમામ સ્ત્રોત માંથી
થતી વાર્ષિક આવક
(૨) કરદાતા છે? હા /ના, જો હા તો છેલ્લા ૩ વર્ષના
આવકવેરા પત્રક (Income tax return) ની નકલ રજૂ કરવી
(૩) સંપતિ-વેરા અધિનિયમ હેઠળ આવરી લેવાયેલા
છે.? હા કે ના (જો હોય તો વિગત રજૂ કરવી)

**H** અન્ય જરૂરી વિગતો:-**(Any Other necessary information)**

## બાંહેધરી

I હું આથી પ્રમાણિત કરૂ છું કે, હું અનુસુચિત જાતિઓ, અનુસુચિત જનજાતિઓ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો પૈકીની જાતિઓનો નથી. તેમજ ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો બીન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે અને આર્થિક રીતે નબળા વર્ગના અનામતના લાભ માટે હક્કદાર છું. મે રજૂ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા કોઇ અયોગ્યતા અનામતના લાભ પહેલાં કે પછી માલૂમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/ નિમણૂંક રદ થવાને પાત્ર છે, તે અને પ્રવર્તમાન કાયદા અને/અથવા નિયમો હેઠળ મારી સામે પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટું સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણુંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટીસ આપ્યા સિવાય રદ થવાપાત્ર છે અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટું પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા છે.

વધુમાં હું /અમો એ પણ બાહેધરી આપીએ છીએ કે નિર્ધારિત સમયગાળા દરમ્યાન મારા/અમારા ઉક્ત માપદંડોમા કોઇ પણ ફેરફાર થશે તો તેની હું/અમો સ્વૈચ્છિક જાહેરાત લેખિતમાં નિયામકશ્રી(વિકસતી જાતિ) અને જીલ્લાના નાયબ નિયામક(વિકસતી જાતિ)/સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ની જાણ હેઠળ સંબંધિત સક્ષમ સત્તાધિકારી સમક્ષ કરીશું.

સ્થળ:- આપનો વિશ્વાસુ

તારીખ:- ઉમેદવારની સહી/-

પિતા અથવા માતા ની સહી/-

(નોંધ: ગુજરાત સરકારના બીન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના માપદંડો અને નીતિ અંગેના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા.૦૬/૦૫/૨૦૧૬ અને ત્યારબાદ થયેલા વખતો વખતના સુધારાની તમામ જોગવાઇઓ તથા નિયમો વાંચી તેમજ સમજીને તે મુજબની વિગતો ભરવાની રહેશે.)

# પરિશિષ્ટ-બ નું બિડાણ

## બિન અનામત કક્ષા ના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ પ્રમાણપત્ર મેળવવા અંગે અરજી સાથે રજૂ કરવાના પુરાવાઓ

૧. અરજદારના પિતા અને પિતા ન હોય તો માતાનુ નિયત નમુનાનું સોગંદનામું.

૨. રહેઠાણના પુરાવા તરીકે રેશનકાર્ડ, લાઇટબીલ, મ્યુનિસિપલ ટેક્ષ બીલ, ચુંટણી ઓળખકાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ અથવા રહેણાંક સાબિત કરતા અન્ય પુરાવા જેમા અરજદારના હાલના સરનામાનો ઉલ્લેખ હોય તે ગમે તે એક.

3 અરજદારના પિતા/માતાના છેલ્લા ત્રણ વર્ષના આવકના પુરાવા

(૧) સરકારી નોકરીયાતના કિસ્સામાં તેમના કચેરીના વડાનુ આવક અંગેનુ તથા હોદ્દો તેમજ વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર

(૨) ધંધા/ વ્યવસાયના કિસ્સામાં છેલ્લા ત્રણ વર્ષના ઈન્કમટેક્ષ રીટર્નની નકલ

(3) જાહેર સાહસો/ ખાનગી સાહસો, બેન્ક, એલ.આઇ.સી, યુનિવર્સીટી, વગેરે નોકરીના કિસ્સામાં તેમની કચેરીના વડાનુ આવક દર્શાવતું તેમજ હોદ્દો/વર્ગ દર્શાવતું પ્રમાણપત્ર

૪ ખેતીની જમીન ધારણ કરનારે ૭/૧૨ ના ઉતારાની નકલ રજૂ કરવી.

૬. ધારણ કરેલ સંપત્તિની સંપત્તિવેરા ધારા હેઠળ (Wealth tax Act) ની કિંમત (Valuation) (સરકાર ધ્વારા અધિકૃત વેલ્યુઅર પાસેથી સંપત્તિ આકરણીનું પ્રમાણપત્ર/ રીપોર્ટ)

(૧) જરૂર જણાય તેવા જ કેસોમાં સક્ષમ અધિકારી આવું પ્રમાણપત્ર/ રીપોર્ટ માગી શકશે.

નોંધ :- વિદ્યાર્થી/ઉમેદવારને જે બાબત લાગુ પડતી હોય તેના જ પુરાવા રજૂ કરવાના રહેશે.

## પરિશિષ્ટ-બ નું બિડાણ

## પંચનામુ

(૧) પંચનુ નામ:
ઉંમર:
ધંધો:
રહેવાસી:

(૨) પંચનુ નામ:
ઉંમર:
ધંધો:
રહેવાસી:

આથી અમો નીચે સહી કરનાર ઉપરના નામ સરનામાવાળા પંચો રૂબરૂ પુછવાથી જાહેર કરી જણાવીએ છીએ કે, શ્રી/શ્રીમતી ........................................... રહેવાસી સરનામુ:...........................................................ને અમો જાતે ઓળખીએ છીએ તથા તેઓ આ સ્થળે છેલ્લા ..........વર્ષથી રહે છે. અમો પંચો જણાવીએ છીએ કે તેઓનો વ્યવસાય .......................છે. (નોકરી /ધંધો) તેઓએ તેમના પુત્ર/પુત્રી નામે..................... બિન અનામત આર્થિક નબળા વર્ગો પૈકીના હોવાનું પ્રમાણપત્ર મેળવા માટે અરજી કરેલ છે.

તેમના કુટુંબમા નીચે જણાવેલ વ્યકિતઓનો સમાવેશ થાય છે. અને તેમનો વ્યવસાય નીચે પ્રમાણે છે.

| અનુ નં | નામ | ઉંમર | સંબધ | ધંધો/ વ્યવસાય/ નોકરી |
|---|---|---|---|---|
| ૧ | | | પોતે | |
| ૨ | | | પત્ની | |

ઉપર દર્શાવેલ વિગતો સાચી છે. જેની ખાત્રી બદલ અમોએ નીચે સહી કરેલ છે.

પંચોની સહી: ઉમેદવારની સહી: પિતા અથવા માતાની સહી

(૧)
(૨)

તારીખ:

(રૂબરૂ)

સ્થળ:

તલાટીની સહી:

નોંધ:- સરકારી પ્રાથમિક શાળાના આચાર્યો, સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક શાળા/ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોની રૂબરૂમાં પંચનામું કરાવેલ હોય તો માન્ય ગણાશે.

પરિશિષ્ટ-બ નું બિડાણ

(રૂ ૨૦/- ના સ્ટેમ્પ પેપર સાથેનુ સોગંદનામુ)

## બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર મેળવવાનું સોગંદનામુ

આથી હું નીચે સહી કરનાર............................................................................................................ ઉ.વ. આશરે.......................ધર્મ............ધંધો....................રહેવાસી.................મારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક જાહેર કરૂ છું કે, અમે અમારા પુત્ર / પુત્રી / પાલ્ય નામે .................................................... માટે બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર મેળવા અંગે અરજી કરેલ છે. તે અરજીમાં અમો તથા અમારા પત્નીના તથા પતિના વ્યવસાય હોદ્દો, વર્ગ, પગારની આવક ખેતીની આવક સંપતિની આવક જે દર્શાવેલી છે, તે ખરી અને સાચી છે. ગુજરાત રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ તા.૦૬/૦૫/૨૦૧૬ થી જાહેર કર્યા મુજબ અમો બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ પૈકીના છીએ.

૧. અમો કે અમારાં પત્ની ભારત સરકારના કે રાજ્ય સરકારનો સંવૈધાનિક હોદ્દો ધરાવીએ છીએ/ હોદ્દો ધરાવતા નથી. ભૂતકાળમાં આવા સંવૈધાનિક હોદ્દાઓ ધરાવતા હતા /ધરાવતા ન હતા..

૨. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજ્ય સરકારમાં વર્ગ-૧ ની સીધી ભરતીના અધિકારી છીએ અથવા નથી (જે લાગુ પડતુ હોય તે). ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા અથવા ધરાવતા ન હતા. સદરહુ હોદ્દો ધારણ કરતા હોય અને અપંગ થયેલ નથી / અપંગ થયેલ છીએ. અમોને કે અમારા પત્નીને હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે/ આવેલ નથી

૩. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજ્ય સરકારમાં વર્ગ-૨ માં સીધી ભરતીના અધિકારી છીએ / સીધી ભરતીના અધિકારી નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા/ ધરાવતા ન હતા. સદરહુ હોદ્દો ધારણ કરતા હોય અને અપંગ થયેલ નથી / અપંગ થયેલ છીએ. અમોને કે અમારા પત્નીને હોદ્દા પરથી દૂર કરવામાં આવેલ છે/ આવેલ નથી

૪. અમો કે અમારાં પત્ની ભારત સરકારમાં કે રાજ્ય સરકારમાં વર્ગ-૨ ના અધિકારી તરીકે જોડાયેલ છીએ/ જોડાયેલ નથી. અમોને ૪૦માં વર્ષે કે તે પહેલા વર્ગ ૧ માં બઢતી મળેલ છે / બઢતી મળેલ નથી.

૫. અમો કે અમારાં પત્ની જાહેરક્ષેત્રોના ઉપક્રમો (PSU), ખાનગી ઉપક્રમો, એલ.આઇ.સી, બેન્ક યુનિવર્સિટી વગેરેમાં................. હોદ્દો ધારણ કરીએ છીએ / હોદ્દો ધારણ કરતા નથી ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા/ ધરાવતા ન હતા.

૬. અમો કે આમારાં પત્ની વ્યવસાયે દાકતર, વકીલ, ચાર્ટડ એકાઉનટન્ટ, આર્કિટેક, એન્જીન્યરીગ આયકર સલાહકાર, નાણાકીય સલાહકાર, સંચાલન સલાહકાર, મિડીયા પ્રોફેશન વગેરે જેવા વ્યવસાયી વર્ગમાં (Professional Class) સમાવેશ પામીએ છીએ/ વ્યવસાયી વર્ગમાં સમાવેશ પામતા નથી

૭. અમો કે અમારાં પત્ની વ્યાપાર ધંધામાં રોકાયેલ છીએ /રોકાયેલ નથી.

૮. અમો કે આમારાં પત્ની મિલીટરી, નેવી, એરફોર્સમાં કર્નલ કે તેથી ઉપલી કક્ષામાં હોદ્દો ધારણ કરીએ છીએ/ કરતાં નથી. ભૂતકાળમાં આવો હોદ્દો ધરાવતા હતા/ ધરાવતા ન હતા.

૯. અમો કે આમારાં પત્ની ખેત જમીન ટોચ મર્યાદા ધારાથી વધારે ખેતીન જમીન અથવા બાગબગીચા ધરાવીએ છીએ/ધરાવતા નથી.

૧૦. અમો કે આમારાં પત્ની શહેરી વિસ્તારો કે શહેરી સમુચ્ચયોમાં ખાલી જમીન અને /અથવા મકાન ધરાવીએ છીએ/ ધરાવતાં નથી.

૧૧. અમારી સંપતિની કિંમત સંપતિવેરા ધારા હેઠળ (Wealth tax act) થી નિયત કરેલ મુકતિ મર્યાદા કરતા વધુ નથી /વધુ છે.

૧૨. અમારી પતિ પત્નીની તમામ સાધનોથી મળીને થતી છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષની કુલ આવક નીચે મુજબ છે.

૧૩. **અમો અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો પૈકીની જાતિના નથી.**

| ક્રમ | વિગત | નાણાંકીય વર્ષ............ | નાણાંકીય વર્ષ.......... | નાણાંકીય વર્ષ........... |
|---|---|---|---|---|
| ૧ | પગારની આવક | | | |
| ૨ | વેપાર/ધંધાની આવક | | | |
| ૩ | વ્યવસાયની આવક | | | |
| ૪ | ખેતીની આવક | | | |
| ૫ | વેલ્થ ટેક્ષ એકટ મુજબની સંપતિની કિમંત (રૂ.................) અને આવક | | | |
| ૬ | અન્ય સાધનો(સ્ત્રોત) માંથી થતી આવક | | | |
| ૭ | કુલ આવક | | | |
| ૮ | પ્રમાણપત્ર મેળવવા પાત્ર આવક | | | |

હું આથી પ્રમાણિત કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણકારી અને માન્યતા મુજબ સાચી છે. તેમજ મારો બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગમાં સમાવેશ થાય છે

અને બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગને અનામતના લાભ માટે હકદાર છું. મેં રજુ કરેલ કોઇ પણ માહિતી ખોટી કે અપૂરતી માલુમ પડશે અથવા અનામતના લાભ પહેલાં કે પછી અયોગ્યતા માલુમ પડશે તો તે સંજોગોમાં મારી ઉમેદવારી/નિમણૂંક રદ થવાને પાત્ર છે, તે અને પ્રવર્તમાન કાયદા અને/ અથવા નિયમો હેઠળ મારી સામે કાયદેસર પગલા લઇ શકાશે તે હું સમજું છું. અમોએ મેળવેલ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગનું પ્રમાણપત્ર અધિકૃત સત્તાધિકારી ધ્વારા કોઇપણ સમયે ચકાસણી કરવામાં આવે અને ખોટુ સાબિત થાય તો મારો પ્રવેશ/ નિમણુંક કોઇપણ જાતની જાણ કર્યા સિવાય અથવા નોટિસ આપ્યા સિવાય રદ થવા પાત્ર છે. અને ભારતીય ફોજદારી ધારા હેઠળ ખોટુ પ્રમાણપત્ર/ વિગતો રજૂ કરવા બાબતે જે કાર્યવાહી હાથ ધરવામાં આવે તે મને બંધનકર્તા રહેશે.

વધુમાં હું /અમો એ પણ બાહેધરી આપીએ છીએ કે પ્રમાણપત્રની સ્વીકૃતી માટેના નિર્ધારિત સમયગાળા દરમ્યાન મારા/અમારા ઉક્ત માપદંડોમા કોઇ પણ ફેરફાર થશે તો તેની હું/અમો સ્વૈચ્છિક જાહેરાત નિયામકશ્રી(વિકસતી જાતિ) અને જીલ્લાના નાયબ નિયામક(વિકસતી જાતિ)/સમાજ કલ્યાણ અધિકારી(વિકસતી જાતિ)ની જાણ હેઠળ સંબંધિત સક્ષમ સત્તાધિકારી સમક્ષ કરીશુ

તારીખ:

સ્થળ:

(અરજદારના માતા/પિતા અથવા કુદરતી વાલીની સહી)

(અરજદારની સહી)

નોંધ:

(૧) આ સોગંદનામુ અરજદારશ્રીના પિતા અને પિતા ન હોય તો માતાએ કરવુ

(૨) આ સોગંદનામુ નમૂનારૂપ છે. સક્ષમ અધિકારી જરૂરી જણાય તો અરજદારની તેમજ સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ માહિતી માગી શકશે

(૩) નમૂના રૂપ સોંગદનામામા લાગુ ન પડતી બાબતોનો ઉલ્લેખ ન કરવો

(૪) લાગુ ન પડતું ચેકી નાખવું.

બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગો માટે નોકરીઓમાં ૧૦% જગ્યાઓ અનામત રાખવા બાબતે ભરતીને સંબંધિત સૂચનાઓ પરિપત્રિત કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : પરચ/૧૦૨૦૧૬/૨૭૫૦૨૪/ગ-૨
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: ૦૭/૦૫/૨૦૧૬

વંચાણમાં લીધો :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧/૫/૨૦૧૬ નો વટહુકમ નંબર.૧/૨૦૧૬

**પરિપત્ર:-**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧/૫/૨૦૧૬ ના વટહુકમથી સમાજના વિવિધ વર્ગોની રજુઆતોને ધ્યાનમાં લઇને સમાજના તમામ વર્ગોને ખાસ કરીને બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો કે જેઓને અનામતનો કોઇ પણ લાભ સરકારી સેવામાં મળતો નથી તે વર્ગોને પૂરતી અને વાજબી તકો મળી રહે તે હેતુથી ઉક્ત વટહુકમથી બિન-અનામત વર્ગોના આર્થિક રીતે નબળા વર્ગોને દસ ટકા અનામત આપવાનું રાજ્ય સરકારે નક્કી કરેલ છે. રાજ્ય સરકાર હેઠળની સેવાઓમાં નિમણૂક માટે અનુસૂચિત જાતિ, અનૂસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામત નીતિ અંગેની કેટલીક જોગવાઇઓ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ સંદર્ભમાં બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને રાજ્ય સરકાર હેઠળની સેવાઓ અને જગાઓમાં નિમણૂક સંદર્ભમાં નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને સરકારી સેવાઓ અને જગાઓ પર પસંદગી માટે સીધી ભરતીમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવા માટે નિયત કરેલ ફી તથા ફોર્મ ફી માં જે ધોરણે રાહત આપવામાં આવે છે તે જ ધોરણે બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને રાહત આપવાની રહેશે. આ અંગે અલગથી વિગતવાર હુકમો પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યા છે, તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે. ભરતી અંગેની જે જાહેરાતો તા.૧/૫/૧૬ કે તે પહેલાં પ્રસિધ્ધ થઇ છે પરંતુ જેની આખરી તારીખ પૂર્ણ થઇ નથી તે ભરતીઓ માટે આવા ઉમેદવારો અરજી કરી શકશે.

(૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને સરકારી સેવાઓ અને જગાઓ પર પસંદગી માટે સીધી ભરતીમાં સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રવેશ આપવા માટે નિયત કરેલ વયમર્યાદામાં

જે પ્રમાણે છૂટછાટ આપવામાં આવે છે તે જ ધોરણે બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને છૂટછાટ આપવાની રહેશે. આ અંગે અલગથી વિગતવાર હુકમો પ્રસિધ્ધ કરવામાં આવી રહ્યા છે, તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની મહિલા ઉમેદવારોને સરકારી સેવાઓ અને જગાઓ પર નિમણૂક માટે ૩૩% અનામત આપવામાં આવે છે તે જ ધોરણે બિન અનામત વર્ગની આર્થિક રીતે નબળા વર્ગની મહિલા ઉમેદવારોને ૩૩% અનામત આપવાની રહેશે. આ અંગે અલગથી હુકમો કરવામાં આવી રહ્યા છે, તે મુજબ તેનો અમલ કરવાનો રહેશે.

(૪) બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦% અનામતની આ જોગવાઇ માત્ર સીધી ભરતી માટે જ છે, બઢતીમાં અનામતનો કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહીં.

(૫) કોઇ સંવર્ગ અથવા ગ્રેડમાં એક જ (સ્વતંત્ર પ્રકારની) હોય તેવી જગ્યાના સંબંધમાં કોઇ પણ અનામત રહેશે નહિ.

(૬) સામાન્ય વહીવટ દ્વારા માંગણી પત્રકનો સુધારેલો નમૂનો પ્રસિધ્ધ કરવામાં આવે તે મુજબ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ફાળે આવતી જગ્યાઓની સંખ્યા તમામ વિભાગોએ માંગણી પત્રકમાં અચૂક દર્શાવવાની રહેશે.

(૭) બિન અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦% અનામતની જોગવાઇને લીધે હાલના રોસ્ટર પોઇન્ટના સ્થાને નવેસરથી રોસ્ટર પોઇન્ટ નક્કી કરવામાં આવશે અને તે અંગેના વિગતવાર હુકમો અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે તે મુજબ દરેક વિભાગે રોસ્ટર રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૮) આ વટહુકમનો અમલ તાત્કાલિક અસરથી કરવાનો છે. આથી, રાજ્ય સરકાર હેઠળની સેવાઓ અને જગાઓ માટે વિવિધ ભરતી સંસ્થાઓને જે માંગણીપત્રકો મોકલવામાં આવ્યા હોય અને જેની ભરતી અંગેની જાહેરાત તા.૧/૫/૨૦૧૬ કે તે પહેલાં પ્રસિધ્ધ થયેલ હોય પરંતુ અરજી કરવાની છેલ્લી તારીખ વીતી ગઇ ન હોય તેવી ભરતીઓ માટે અને તા.૦૧/૦૫/૨૦૧૬થી પ્રસિધ્ધ થતી સીધી ભરતી અંગેની તમામ જાહેરાતો માટે બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગો માટેના ૧૦ ટકા અનામતની જોગવાઇનો અમલ કરવાનો રહેશે.

(૯) ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ કે રાજ્ય સરકારના કોઇ વિભાગ કે કચેરી દ્વારા થતી સીધી ભરતીથી જગ્યા ભરવા માટે જો

તા.૧/૫/૨૦૧૬ કે તે પહેલાં જાહેરાત પ્રસિધ્ધ થયેલ હોય અને ફોર્મ ભરવાની આખરી તારીખ વીતી ન ગયેલ હોય તો તેમાં અરજી કરવાની મુદત વધુ એક માસ લંબાવવાની રહેશે. જેથી કરીને તે દરમ્યાનમાં બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો આવક અંગેનું/ક્રીમીલેયરનું પ્રમાણપત્ર મેળવી અરજી કરી શકે.

(૧૦) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧/૫/૨૦૧૬ ના વટહુકમથી બિન-અનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગો માટે દસ ટકા અનામતની જોગવાઇનો તાત્કાલિક અસરથી અમલ કરવામાં આવેલ છે. આથી, તા.૦૧/૦૫/૨૦૧૬ અને તે પછી પ્રસિધ્ધ થતી સીધી ભરતીની તમામ જાહેરાતમાં તેનો અમલ કરવાનો રહેશે તેમજ સીધી ભરતીની જે જાહેરાતો તા.૦૧/૦૫/૨૦૧૬ પહેલાં પ્રસિધ્ધ થઇ ગયેલ છે અને અરજી કરવાની આખરી તારીખ પૂર્ણ થયેલ નથી તેવી સીધી ભરતીઓમાં પણ આ જોગવાઇ લાગુ પડશે. આ માટે માંગણીપત્રકમાં દર્શાવેલ ભરવાપાત્ર જગ્યાના ૧૦ ટકા જગ્યાઓ બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગ માટે ફાળવવાની રહેશે તથા તેનો જે પૂર્ણાંક નંબર આવે તેટલી સંખ્યા બિનઅનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગની ગણવાની રહેશે. આ મુજબ જગ્યાની ગણતરી કરીને તેમાં ૩૩ ટકા જગ્યાઓ આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે ફાળવવાની હોવાથી તે જગ્યાનાં ૩૩ ટકા ગણતાં જે પૂર્ણાંક સંખ્યા આવે તેટલી જગ્યાઓ બિનઅનામત વર્ગના આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે ફાળવવાની રહેશે. આ મુજબની ગણતરી જે તે ભરતી સંસ્થાએ કરી જાહેરાતમાં તે અનુસાર સુધારો કરવાનો રહેશે. ત્યારબાદ રોસ્ટર મુજબ જગ્યાની ફાળવણીમાં જે આંશિક ફેરફાર હોય તે પછીના ભરતી પ્રસંગે સરભર કરવાનો રહેશે.

(૧૧) જે તે ભરતી સંસ્થાને જે માંગણીપત્રકો મોકલી આપવામાં આવેલ છે પરંતુ હજુ જાહેરાત પ્રસિધ્ધ થઇ નથી તે જાહેરાતો માટે ઉપર ફકરા-૧૦ માં દર્શાવ્યા પ્રમાણે આર્થિક રીતે નબળા વર્ગની તથા તે પૈકીની મહિલાઓ માટેની જગ્યાઓની ગણતરી જે તે વિભાગે કરીને જે તે ભરતી સંસ્થાને એક પખવાડીયામાં પત્રથી વિગતો મોકલી આપવાની રહેશે. જેથી માંગણીપત્રકમાં તે મુજબ સુધારો થઇ શકે. જે જગ્યાઓ માટેના માંગણીપત્રકો મોકલવાના બાકી છે તે સામાન્ય વહીવટ વિભાગે માંગણીપત્રકના ફોર્મમાં કરેલ સુધારાઓ સાથે ભરતી સંસ્થાને મોકલવાના રહેશે.

(૧૨) મહિલાને, વિકલાંગને અને એક્સ-સર્વિસમેનને આપવામાં આવતી અનામત તેમની સંબંધિત કેટેગરીમાં એટલે કે અનુસૂચિત જાતિ, અ.જ.જા. અને સા.શૈ.પ. વર્ગના ફાળે આવતી જગ્યામાં ગણવામાં આવે છે, તે જ રીતે આર્થિક રીતે નબળા વર્ગની મહિલા, વિકલાંગ કે એક્સ-સર્વિસમેનને આપવામાં આવતી અનામત પણ બિન-અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ફાળે આવતી જગ્યામાં ગણવાની રહેશે.

(૧૩) આ ઠરાવની સૂચનાઓ પંચાયત સેવા તેમજ રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ, કોર્પોરેશનો, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ અને વિશ્વ વિધ્યાલયો, સરકાર પાસેથી સહાયક ગ્રાન્ટ, લોન, આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો,મ્યુનિસિપાલિટીઓ, નગર પાલિકાઓની સેવાઓને પણ લાગું પડશે.

સચિવાલયના વહીવટી વિભાગો અને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરી/ સંસ્થાઓમાં આ પરિપત્રની સૂચનાઓનું પાલન થાય તે જોવા સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.આચાર્ય)
અધિક સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ / માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના સચિવશ્રીઓ/અગ્ર સચિવશ્રીઓ/અધિક મુખ્ય સચિવશ્રીઓ. (સંબંધિત વિભાગોએ તેમના ખાતાના વડાઓની આ બાબતે જાણ અને જરૂરી કાર્યવાહી માટે માહિતી આપવી.)
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત સીવીલ સર્વીસીઝ ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- એચ.આર.એમ.એસ.સેલ, સચિવાલય, ગાંધીનગર
- ઉપસચિવશ્રી અને સીઆઇઓ, સા.વ.વિ.સચિવાલય,ગાંધીનગર તરફ જરૂરી કાર્યવાહી સારૂ
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
- સર્વે ખાતા/કચેરીના વડાઓ
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.
- રાજ્ય સરકાર હેઠળના તમામ માન્ય મંડળો
- વિશિષ્ટ ફાઈલ.
- પત્ર દ્વારા.

અનામત વર્ગોને અપાતી છૂટછાટો અને રાહતો બાબતમાં સ્પષ્ટતાઓ કરવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ-૪,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭-૦૫-૨૦૧૬.

વંચાણે લીધાં:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૧/૧૨/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૩૮૬(૧)/ગ-૫.

(૨)સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૫/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૨૯૦/૨૨૨૨/ગ૪.

(૩)સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૩/૧૯૯૯નો ઠરાવ ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪.

(૪)સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૦૮/૧૯૯૯નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૬૯૬/૮૭૮/ગ-૪

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૯/૦૧/૨૦૦૦નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૯૯/મુમ-૧૩/ગ-૪

(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૩/૦૭/૨૦૦૪નો પરિપત્ર ક્રમાંક:પવસ/૧૦૨૦૦૩/૯૦૦/ગ-૪

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો વર્ષ ૨૦૧૬નો વટ હુકમ નં.૧ તા.૦૧/૦૫/૨૦૧૬

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૬/૦૫/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૬/૨૭૧૪૩૬/અ

॥ પરિપત્ર ॥

ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧), ક્રમ-(૨) અને ક્રમ-(૩) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના અનુક્રમે તા.૧૧/૧૨/૧૯૮૬, તા.૨૦/૦૫/૧૯૯૩ તેમજ તા.૦૮/૦૩/૧૯૯૯ના ઠરાવોમાં સીધી ભરતીની નિમણૂકોમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોના જે ઉમેદવારો પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામતા હોય તેમને તે વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં બિનઅનામત જગ્યાઓ સામે ગણવાની સૂચનાઓ આપવામાં આવેલી છે. જેના અનુસંધાને ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૫)

અને ક્રમ-(૬) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨000 તેમજ તા.૨૩/૦૭/૨૦૦૪ ના પરિપત્રોથી સ્પષ્ટતાઓ કરવામાં આવેલ છે કે, સામાન્ય વર્ગના ઉમેદવારોને જે ધોરણ લાગુ પાડવામાં આવેલ હોય એ જ ધોરણે પસંદગી પામેલ હોય એવા જ અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો માત્રને જ તેમની અનામતની નહીં પરંતુ બિન અનામતની જગ્યાઓ સામે ગણતરીમાં લેવાના રહેશે/સરભર કરવાના રહેશે. જ્યારે વય મર્યાદા, અનુભવની લાયકાત, લેખિત પરીક્ષામાં મળવાપાત્ર તકોની સંખ્યા, સામાન્ય વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલા વિચારણાના ક્ષેત્ર, સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ માટેની લાયકાતના ગુણ વગેરેમાં અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોની પસંદગીમાં છૂટછાટનું ધોરણ લાગુ પાડેલ હોય ત્યારે તદઅન્વયે પસંદગી પામેલા અનુસૂચિત જાતિઓ/ અનુસૂચિત જનજાતિઓ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારોને તેમની અનામતની જગ્યાઓ સામે ગણવાના રહેશે. આવા ઉમેદવારો બિનઅનામત જગ્યાઓ સામેની વિચારણા માટે બિન ઉપલબ્ધ હોવાનું ગણાશે. આમ છતાં પરીક્ષા ફી ચુકવવામાંથી મુક્તિ અપાયેલ હોય તેવા અનામત વર્ગના ઉમેદવારોને બિન અનામત ખાલી જગ્યા માટેની સ્પર્ધા માટે પ્રતિબંધિત કરી શકાશે નહીં.

૨. ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૭) પરના વટહુકમથી બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્ય હેઠળની સેવાઓમાં નિમણૂકો અને જગ્યાઓમાં ૧૦ ટકા અનામત આપવાની જોગવાઈ કરવામાં આવી હોઈ સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાના અંતે આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે, પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામતા હોય તેવા અનામત વર્ગોના ઉમેદવારો સંદર્ભેની ઉપર્યુક્ત સૂચનાઓ/ સ્પષ્ટતાઓ બિન અનામત કક્ષાના આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને પણ લાગુ પાડવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.કે.પટેલ)
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
× સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
× રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
× સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો,
સર્વે ખાતાના વડાઓ, બોર્ડ, કોર્પોરેશનો, જાહેર સાહસો, યુનિવર્સિટીઓ (સંબંધિત વહીવટી વિભાગો મારફત)
એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ,
પસંદગી ફાઇલ.
× પત્ર ધ્વારા.